ઉચ્ચક દરથી કુશળ / અર્ધ કુશળ / બિનકુશળ / શ્રમયોગીના દૈનિક ચુકવવા પાત્ર દર અંગે માહિતી આપવા બાબત....

# --:: પરિપત્ર ::-

આથી નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીની તમામ યુનિટ / સબ યુનિટ કચેરીઓને જણાવવાનું કે, આપની કચેરી / ફાર્મ / રહેણાકના મકાનો, ફાર્મસ્ટ્રક્ચર વગેરેમાં આકસ્મિક જરૂરી મરામત કરાવવા માટે જુદા જુદા પ્રકારના રોજમદારો રોકવા માટે દરેક નાણાકીય વર્ષ માં આ કચેરી તરફથી મા. કુલપતિશ્રીની મંજૂરી મેળવી પરિપત્ર બહાર પાડવામાં આવે છે. પરંતુ પેટ્રોલ ડીઝલ ના ભાવો, મોંઘવારીના દરો માં થતી વધ ઘટ ધ્યાનમાં લઈ દરેક નાણાંકિય વર્ષ માં મંજૂર કરેલ ભાવોની સમીક્ષા કરવી જરૂરી જણાય છે. આ હકીકતોને ધ્યાનમાં લઈ આ સાથે સામેલ પત્રકની વિગતો મુજબ આપના કેન્દ્ર ખાતે / આસપાસ આ ઇસમો / કારીગરો / રોજમદારોના શું ભાવ ચાલે છે. અથવા તો તેઓને કેટલી મજૂરી કેટલા સમય માટે પ્રતિદિન ચૂકવવા માં આવે છે. તેની માહિતી આ સાથે સામેલ પત્રકમાં ભરી તે અંગેનું રોજકામ કરી આ કચેરીને સત્વરે દિન-૭ માં મોકલી આપવા વિનંતી છે. અથવા તો આ માહિતી આપના કેન્દ્રના સબંધિત તલાટી / સરપંચ પાસેથી મેળવીને તેમના સહી શિક્કા કરવીને પણ રજૂ કરી શકાશે. જેથી આ માહિતી અને રોજકામના આધારે ચાલુ નાણાકીય વર્ષમાં આ રોજમદારોના પ્રવર્તમાન બજારભાવોની મંજૂરી માં.કુલપતિશ્રી પાસે મેળવી શકાય. અને તે મુજબ જે તે યુનિટ / સબયુનિટના અધિકારીશ્રીઓ નાની મોટી બાંધકામ ની કામગીરી તેમની કક્ષા એ ખાતાકીય રીતે કરાવી શકે આ પરિપત્ર અત્રેની કચેરીની નોંધ ઉપર કુલપતિશ્રીની મંજૂરી મેળવી પ્રકાશિત કરવામાં આવે છે.

કાર્યપાલક ઇજનેર,
નવસારી કૃષિ યુનિવર્સિટી,
નવસારી

<u>સામેલ :- પત્રકની નકલ</u>

જા.નં. નકૃયૂ / કાઇ / બી-3 / ૪૨૦૩ / ૨૦૧૮
નવસારી તારીખ :- ૨૫/૦૬/૨૦૧૮

<u>નકલ રવાના :-</u>

તમામ યુનિટ અધિકારીઓ તથા કચેરીના વડાઓ, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ તથા ઘટતું થવા સારૂ.

D:\PDM-B-3\LABOUR MANJURI\NOTE.docx

ઉચ્ચક દરથી કુશળ,અર્ધકુશળ,બીનકુશળ શ્રમયોગીના દૈનિક ચુકવવા પાત્ર દર અંગે માહિતી આપવા બાબત

## -: પત્રક :-

| અ.નં. | રોજમદાર મજુરોની વિગત | રોજમદાર મજૂરોની કેટેગરી | આપના કેન્દ્રની આસપાસ પ્રતિ ૮ કલાકની સેવાના ભાવ રૂપિયામાં |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૫ |
| ૧ | સુથાર | સ્કીલ્ડ લેબર | |
| ૨ | સુથાર હેલ્પર | સેમી સ્કીલ્ડ લેબર | |
| ૩ | કડીયો | સ્કીલ્ડ લેબર | |
| ૪ | કડીયા હેલ્પર | સ્કીલ્ડ લેબર | |
| ૫ | લુહાર/બાર બાઈન્ડર | સ્કીલ્ડ લેબર | |
| ૬ | ઇલેટ્રીશીયન | સ્કીલ્ડ લેબર | |
| ૭ | વાયરમેન | સ્કીલ્ડ લેબર | |
| ૮ | વાયરમેન હેલ્પર | સેમી સ્કીલ્ડ લેબર | |
| ૯ | પંપ ઓપરેટર | સેમી સ્કીલ્ડ લેબર | |
| ૧૦ | પ્લમ્બર | સેમી સ્કીલ્ડ લેબર | |
| ૧૧ | મદદનીશ પ્લમ્બર | સેમી સ્કીલ્ડ લેબર | |
| ૧૨ | પેઈન્ટર(મકાનોમાં અંદર બહારના કલરકામ માટે) | સેમી સ્કીલ્ડ લેબર | |
| ૧૩ | પેઈન્ટર હેલ્પર (મકાનોમાં અંદર બહારના કલરકામ માટે) | સેમી સ્કીલ્ડ લેબર | |
| ૧૪ | સ્ત્રી સ્વીપર | સેમી સ્કીલ્ડ લેબર | |
| ૧૫ | પુરૂષ સ્વીપર | સેમી સ્કીલ્ડ લેબર | |

## -: રોજકામ :-

આથી રોજકામ કરવામાં આવે છે કે,અત્રેના ......... કેન્દ્ર ખાતે / આસપાસ ઉપરોકત રોજમદારોના ભાવ બરાબર ચકાસણી / ખાતરી કરી અને આ કચેરીના નીચેના અધિકારી / કર્મચારીઓએ જાત તપાસ કરી મેળવેલ છે. જે બદલ આ રોજકામ કરવામાં આવે છે.

| ક્રમ | અધિકારી/કર્મચારીનું નામ | હોદ્દો | સહી |
|---|---|---|---|
| | | | |

ઉપરોકત રોજકામની વિગતો સાથે સહમત છું.

કચેરીના વડાની સહી

*D:\PDM-B-3\LABOUR MANJURI\NOTE.docx*